# BUSINESS મિત્ર

## નિફ્ટીએ 25550 પોઇન્ટની સપાટી કુદાવી, મિડકેપ શેરોમાં પણ રીકવરી

# શેરબજારમાં રિકવરી: સેન્સેક્સ 316 પોઈન્ટ ઉછળ્યો

**વૈશ્વિક** સંકેતો અને મેટલ-પાવર શેરોની તેજીથી બજારમાં પોઝિટિવ વલણ; આઈટી અને સ્મોલકેપમાં વેચવાલીનું દબાણ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 20:** ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ અને ગઈકાલના કડાકા બાદ આજે થોડીક રીકવરી સાથે પોઝિટિવ બંધ રહ્યા હતા. આજે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજાર પોઝિટિવ બંધ રહ્યા હતા. આઈટી અને મીડિયા સેકટરને છોડીને તમામ સેકટરો પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં પાવર, મેટલ, કેપિટલ ગુડ્ઝ, પીએસયુ બેન્કમાં 1થી 2 ટકાનો સુધારો જોવાયો હતો. મિડકેપ શેરોમાં પણ રીકવરીનું વલણ જોવા મળ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચેનો વધી રહેલો તણાવ, અમેરિકા વ્યાજદર અંગેની આશાની પાછળ વૈશ્વિક બજારો સુધર્યા હતા, જેમાં મેટલ સેકટરમાં તેજી જોવા મળી રહી છે. આમ, વૈશ્વિક સંકેતોની પાછળ ભારતીય શેરબજારમાં પણ રીકવરી જોવા મળી હતી અને નિફ્ટી 25550 પોઈન્ટની ઉપર નીકળીને બંધ રહી હતી.

એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ જાન્યુઆરીમાં 58.5ની તુલનામાં ફેબ્રુઆરીમાં ઘટીને 58.4 થયો હતો. જે નજીવો ઘટ્યો હોવાતી આઈટી સેકટરમાં એમ પણ એઆઈની બુમ ચાલી રહી છે, ત્યારે આ ડેટાથી રોકાણકારોમાં વધુ નિરાશા જાગી હતી. જોકે, એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરીં પીએમઆઈ 55.4ની તુલનામાં 57.5નો રહ્યો હતો, જે મજબૂત માગ તરફ ઈશારો કરી રહી છે. બીએસઈ સેન્સેકસ 316.57 પોઈન્ટ એટલે કે 0.38 ટકા વધીને 82814.71 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 83132 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82206 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 115.90 પોઈન્ટ એટલે કે 0.46 ટકા વધીને 25571.25 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 25550 પોઈન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25663 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25379 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 432.45 પોઈન્ટ એટલે કે 0.71 ટકા વવધીને 61172 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ગ્લોબલ હેલ્થ લિ. 201.84 ગણા, ક્રીસિલ 25.54 ગણા, જેકે લક્ષ્મી સિમેન્ટ 23.33 ગણા, એબીબી 15.86 ગણા, શ્રી સિમેન્ટ 11.2 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એબીબી ઈન્ડિયા 19.62 ગણા, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ 11.31 ગણા, ડેટા પેટર્ન 5.54 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટ 4.46 ગણા અને સીમેન્સ 2.96 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ શેરોમાં રીકવરી જોવાઈ હતી, પણ સ્મોલકેપ શેરોમાં હજુય વેચવાલીનું દબાણ હાવી રહેતું જોવા મળ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.44 ટકા સુધર્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકા ઘટયો હતો. આમ, બીએસઈ માર્કેટ બ્રેથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 1918 શેરો વધ્યા હતા, જ્યારે 2263 શેરો ઘટયા હતા. જ્યારે 168 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે સપ્તાહના અંતિમ દિવસે યુરોપિન બજારો પોઝિટિવ વલણ દર્શાવતા હતા. યુકેના રિટેલ વેચાણ, મજબૂત યુરોઝોનના પીએમઆઈ અને ફુગાવો સરળ બનતા રોકાણકારોની લેવાલી વધી હતી. યુકેમાં ડિસેમ્બરથી જાન્યુઆરીમાં રિટેલ વેચાણ 1.8 ટકા વધ્યું હતું. જે અપેક્ષાઓને વટાવી ગયો હતો અને મે 2024 પછીની સૌથી મોટો વધારો દર્શાવે છે. જર્મનીના જાન્યુઆરીમાં ઉત્પાદક ભાવમાં વાર્ષિક ધોરણે 3 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ફ્રાન્સનો ફુગાવો વાર્ષિક ધોરણે 0.3 ટકા થયો હતો.

### ડોલરમાં ઝડપી ઉછાળો, 30 પૈસા વધ્યો

ઇરાન-યુએસ વચ્ચેના તણાવના લીધે ક્રુડ ઓઇલમાં ભાવ ઉછળ્યા હતા, જેના લીધે આજે ડોલરમાં મજબૂતાઇ જોવાઇ હતી. ફરી એકવાર જીયો પોલીટીકલ ટેન્શનની અસર રહેતા રૂપિયો નબળો પડ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 30 પૈસા તૂટીને 90.98ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.68ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.03, પાઉન્ડ 122.94, કેનેડિયન ડોલર 66.40, ઓસ્ટ્રેલિયન ડોલર 64.59 અને જાપાનીઝ યેન 0.5862ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.98 રૂ. |
| યુરો | 107.03 રૂ. |
| પાઉન્ડ | 122.94 રૂ. |
| યેન | 0.5862 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 316.57 | 82814.71 |
| નિફ્ટી | 116.90 | 25571.25 |
| બેન્ક નિફ્ટી | 432.45 | 61172.00 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્ડાલ્કો | 3.32 | 935.70 |
| એનટીપીસી | 2.68 | 372.95 |
| લાર્સન-ટુબ્રો | 2.34 | 4380.60 |
| એસબીઆઇ લાઇફ | 1.81 | 2080.00 |
| કોલ ઇન્ડિયા | 1.78 | 423.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.51 | 1456.90 |
| ઇન્ફોસીસ | 1.26 | 1353.20 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.10 | 2832.80 |
| એચસીએલ ટેક્નો | 0.96 | 1436.50 |
| ઇટર્નલ | 0.85 | 269.45 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.73 | 373.05 |
| લાર્સન-ટુબ્રો | 2.37 | 4380.25 |
| એચયુએલ | 1.56 | 2315.00 |
| બજાજ ફાઇનાન્સ | 1.47 | 1029.15 |
| પાવરગ્રીડ | 1.44 | 298.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.75 | 1455.00 |
| ઇન્ફોસીસ | 1.23 | 1352.75 |
| ઇટર્નલ | 1.10 | 268.90 |
| એચસીએલ ટેક્નો | 0.92 | 1437.05 |
| ભારતી એરટેલ | 0.76 | 1975.25 |

# પ્રોસીકયુસનના કાયદા હળવા થયા

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**

ફાયનાન્સ બીલ 2026ના પ્રાવધાનોમાં જૂના અને નવા ઈન્કમટેક્ષ કાયદામાં કેટલાંક ગુનાઓ માટે સખ્ખત જેલની જોગવાઈ હતી તો કેટલાંક ગુનાઓ જેવા કે T.D.S. અને T.C.S.માં ટેક્ષ ડિડકશનની રકમ સમયસર ભરી નહિ હોય તો પણ ફોજદારી કાર્યવાહીની જોગવાઈઓ હતી. આ બધા સામે કરદાતાઓ માટે સજા માંડવાળ (Compounding of offence)ની એક માત્ર રાહત ઉપલબ્ધ હતી જેમાં પણ ખાતા તરફથી કડક રવૈયાને પગલે કરદાતાઓને હાઈકોર્ટ સુધી લંબાવવું પડતું હતું જેમાં ભારે સંશોધનને અંતે હવે ગુનામુકત (Decriminalisation) ની આવકારદાયક જોગવાઈઓ થઈ છે. 1 લી માર્ચથી અમલી બનશે.

**ગુનામુકત પ્રાવધાનો**

» નવા કાયદાની કલમ-481 મુજબ એસેસમેન્ટ દરમ્યાન માંગેલી વિગતો અને એકાઉન્ટસ આપવામાં ચૂક થાય તો એક વર્ષની સખ્ખત કેદ અને દંડની સજા ફટકારી છે. ફાયનાન્સ બીલ 2026માં આ સજા અને દંડ બન્ને કાઢી નાખવામાં આવ્યા છે. સ્પેશિયલ ઓડિટ અંગે સહકાર આપવામા આવે નહિ તો એક વર્ષની સખ્ખત કેદ અને દંડની જોગવાઈ ચાલુ રાખી છે.

» ઓનલાઈન ગેમ અને વચ્યુઅલ ડિજિટલ એસેટસની આવક જો વસ્તુમાં હોય અને એના TDSમાં ચૂક થાય તો પ્રોસીકયુશનમાંથી સંપૂર્ણ મુકિત છે.

» અન્ય TDSના કેઈસો જેવા કે લોનના વ્યાજ, ભાડાં, મિલ્કત ખરીદી, દલાલી-કમિશન વિગેરે ઉપર TDS ચૂક થાય અને T.D.S.ની રકમ 10 લાખથી ઓછી હોય તો ફકત દંડની જોગવાઈ છે. પરંતુ શ્રેણીબધ્ધ (Grading) મુજબ 50 લાખથી વધુ હોય તો 2 વર્ષની સાદી કેદ અને 10 લાખથી 50 લાખની વચ્ચે સાદી કેદ 6 મહિનાની અને આવા મોટી રકમના ગંભીર ગુનામાં પણ આર્થિક ગુનાની કોર્ટનાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ફખત દંડની રકમ લઈને પણ કરદાતાને કેદની સજામાંથી હવે બચાવી શકે છે.

જો કે આ બન્ને જૂના કાયદા મુજબની કલમો-276 B અને 276 BB માં ધ્યાનાકર્ષક વાત એ છે કે TDS/TCS ના કવાર્ટરલી રીટર્ન ભરવાની મુદત પહેલાં જો આ ટેક્ષ ભરાઈને રીટર્નમાં બતાવીને-રીટર્ન ભી દેવામાં આવે ગમે તેટલી રકમની ચૂક હોય તો પણ સજાનું પ્રાવધાન નથી. આશ્ચર્યકારક વાત એ છે કે નવા કાયદામાં 6 વર્ષોની મર્યાદા ઘટાડીને 2 વર્ષ કરી દીધી છે કે જે સમયમાં આપ ટેક્ષ ભરીને ભૂલમાં સુધારો કરીને કવાર્ટરલી રીટર્ન ભરી શકો છો.

» ટેક્ષ ચોરીનો પ્રયાસ કરે અથવા આવી ટેક્ષ પેનલ્ટી અને વ્યાજ ચૂકવવામાં જાણીબૂઝીને નિષ્ફળ જાય એવા સંજોગોમાં સખ્ખત કેદને બદલે સાદી કેદની જોગવાઈ થઈ છે. અને 25 લાખને બદલે 50 લાખની ઉપરની આવી ટેક્ષ ચોરી હોય તો જ સજાનું પ્રાવધાન છે એનાથી ઓછી રકમ માટે પણ સજા ઘટાડી છે. 10 લાખની નીચેના આવા ટેક્ષ ચોરીના કેઈસોમાં કોઈ સજા નથી અને પણ ઉપર જણાવ્યું તેમ ફકત દંડ લઈને પણ મેજીસ્ટ્રેટ કેઈસ સમાપ્ત કરી શકે છે.

» ઈન્કમટેક્ષના રીટર્ન સમયસર ભરવામાં અથવા નોટીસના અનુસંધાને ભરવામાં અથવા રીઓપીનીંગ સંદર્ભે ભરવામાં નિષ્ફળ જાય તો તેમાં પણ ઉપર મુજબ સુધારો છે. પરંતુ આમાં પણ મોટી રાહત આપી છે કે કરદાતા અપડેટેડ (Updated) રીટર્ન ભરીને આવક ઉપર ટેક્ષ ભરીને, વધાનો ટેક્ષ ભરીને છૂટી શકે છે.

વળી સેલ્ફ એસેસમેન્ટ ટેક્ષ અથવા રેગ્યુલર એસેસમેન્ટ ટેક્ષ 10 હજારથી ઓછો હોય અને આકારણી વર્ષના અંત પહેલા ભરી દીધો હોય તો પણ સજાનું પ્રાવધાન નથી. જો કે આમાં પણ 10 હજારની લીમીટમાં કોઈ ફેરફાર નથી.

» ઉપરોકત તમામ ગુનાઓ તથા અન્ય ગુનાઓમાં ગુનાહિત ઈરાદો (Mensrea) પૂરવાર થવું જરૂરી છે અને એ બેઝિક શરત હંમેશા કરદાતાનો બચાવ કરશે.

» વળી નવા કાયદાની કલમ-486 (જૂના કાયદામાં 278AA) માં કઈ ફેરફાર નથી, જેમાં નિર્દિષ્ટ ચાર પ્રકારના ગુનાઓ માટે વ્યાજબી કારણનો બચાવ વિકલ્પ આપ્યો છે.

» આશા રાખીએ કે ખાતા તરફથી પણ સરકારની આ શુભ ચેષ્ટાનો લાભ કરદાતાને મળી રહેશે.

# બીએસઈમાં માર્કેટ વોલ્યુમ ડાઉન, ટેન્શન અપ થયું

**હૈટોંગનો** અહેવાલ : ફેબ્રુઆરીમાં બીએસઇનું ટર્નઓવર ઘટશે

**એક** સપ્તાહમાં BSEના શેરમાં 10% સુધીનો ઘટાડો

મુંબઈ, તા. 20: બીએસઈનો તણાવ સતત વધી રહ્યો છે. એસટીટીમાં કડકતાએ વોલ્યુમ પર દબાણ દર્શાવ્યું હતું. જેમાં હૈટોંગના અહેવાલ મુજબ, એસટીટીમાં વધારો અને આરબીઆઈના બ્રોકર ફંડિંગ પર પ્રતિબંધ અમલમાં આવે તે પહેલા જ બીએસઈના ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

હૈટોંગના આ અહેવાલ મુજબ, ઓપ્શન વોલ્યુમ પર પણ દબાણ આવ્યું છે. બીએસઈ પરના હૈટોંગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ફેબ્રુઆરીમાં તેનો ટર્નઓવર ડેટા નબળો રહ્યો છે. ફેબ્રુઆરીમાં બીએસઈનો માર્કેટ શેર ઘટ્યો છે અને તે જાન્યુઆરીમાં 33 ટકાથી ઘટીને 30 ટકા થઈ ગયો છે. ફેબ્રુઆરીમાં ઓપ્શન વોલ્યુમમાં પણ ઘટાડો થયો છે. તે જ સમયે, એનએસઈના માર્કેટ શેરમાં દર મહિને 2 ટકાનો વધારો થયો છે. ફેબ્રુઆરીમાં એનએસઈનો માર્કેટ શેર 70 ટકા રહ્યો છે. બીએસઈના વોલ્યુમમાં પહેલાથી જ કડકતાનું દબાણ જોવા મળ્યું છે. એસટીટીમાં વધારો અને બ્રોકર ફંડિંગ પર આરબીઆઈનો પ્રતિબંધ હજી અમલમાં આવ્યો નથી. આવી સ્થિતિમાં, ટ્રેડિંગ વોલ્યુમ પહેલાથી જ ઘટી ગયું છે. હૈટોંગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ફેબ્રુઆરીમાં, ઉદ્યોગ કાલ્પનિક વિકલ્પ એડીટીઓ મહિના-દર-મહિનાના આધારે 14 ટકા ઘટ્યો હતો. તે જ સમયે, બીએસઈના ઓપ્શન એડીટીઓમાં માસિક ધોરણે 21 ટકાનો ઘટાડો થયો છે. જ્યારે એનએસઈ ઓપ્શન એડીટીઓ મહિના-દર-મહિનાના આધારે 7 ટકા ઘટ્યો છે. બીએસઈના ફ્યુચર્સ એડીટીઓ ફેબ્રુઆરીમાં મહિના-દર-મહિનાના આધારે અત્યાર સુધીમાં 20 ટકા ઘટ્યા હતા.

એક સપ્તાહમાં બીએસઈના શેરમાં 10 ટકા સુધીનો ઘટાડો થઈ ગયો છે. જોકે, એક મહિનામાં 3.24 ટકા વધ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં બીએસઈના શેરમાં 38 ટકા અને ત્રણ વર્ષમાં 1654 ટકા વૃદ્ધિ જોવા મળી છે.

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૭૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૬૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૭૧૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૬૫૦૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૭૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૬૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૭૮૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફલાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**સુડોકુ ૭૬૫૩ - 'ક્લુ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૪ | ૫ | ૭ | ૯ | | ૨ |
| ૭ | | ૪ | ૧ | | | ૮ | | ૫ |
| ૫ | | ૨ | ૬ | ૮ | ૯ | ૩ | | |
| | ૬ | | | ૪ | | ૭ | ૯ | ૮ |
| | ૭ | | ૩ | | ૬ | ૫ | ૨ | |
| ૨ | ૪ | ૫ | ૯ | ૭ | | ૧ | ૩ | ૬ |
| ૯ | | ૮ | | | ૪ | ૬ | | |
| | ૨ | | | | | | ૮ | ૩ |
| ૪ | | ૭ | ૮ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ભગંદર- fistula

અતિ દારુણ અને કષ્ટ સાધ્ય રોગ છે. કબજિયાત ના થવા દો. પાણી પૂરતું પીવો. કાથો, કપૂર, સોપારી બાળી કરેલી મસી દરેક 10g, દારૂડિ ના બીજ 80g વાટી બારીક ચૂર્ણ કરવું. એને ચાર ગણા શતધોત ઘૃત સાથે ભેળવી મલમ બનાવી રાખો. ભગંદર, કંઠમાળ, ચાંદું, ઘારું, ખસ, દાદર, ગૂમડું, પર રોજ ત્રણ વાર લગાડો.

## આજનું પંચાંગ

**તા. 21/02/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** સુદ: ચોથ: 13:02- વિનાયક ચતુર્થી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 02
**નક્ષત્ર :** રેવતી:- 19:08
**યોગ :** શુભ **કરણ:** બવ
**રાશિ:** મીન (દ,ચ,ઝ,થ) 19:08 પછી મેષ (અ,લ,ઈ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 07:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:38
**નવકારસી :** 07:55
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 11મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ:** સવારે: 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સંતાનોથી અશાંતિ પેદા થાય. ગુપ્ત શત્રુઓ અને ચોર લૂંટારુથી સાવધાન, ધર્મ કર્મથી શાંતિ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** મિત્રો સ્વજનો સાથે સામાજિક કામ થાય. સંતાનોની ચિંતા સતાવે. વિદ્યાર્થીઓને તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ધંધામાં નવી તકથી સોદા પાર પડે. પિતા સાથે ઘર્ષણ થાય. આવક વધશે.

**કર્ક (ડ,હ,):** પ્રવાસ પર્યટન, કાયદા, લેખન, ધાર્મિક ચીજવસ્તુના વેપાર વગેરેમાં લાભ થાય.

**સિંહ (મ,ટ,):** આંખની કાળજી રાખવી. હિત શત્રુઓથી સાવધાન રહેવું. આધ્યાત્મિક શાંતિ મળશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગીદારીમાં નવી યોજના પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધશે.

**તુલા (ર,ત,):** હરીફોથી બચવું. ખાવા-પીવાના શોખીનોને પેટની સમસ્યા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** વિદ્યાર્થીઓને મદદનો અનુભવ થાય. પ્રેમમાં સાથ મળે. નવા મિત્રોથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** બહારના કામનો બોજ વધશે. ઘરમાં અશાંતિ રહે. નવા ઘરની યોજનામાં મદદ મળે.

**મકર (ખ,જ,):** પ્રવાસ, દલાલી, ટ્યુશન ભાડા અને માર્કેટીંગના કામમાં પ્રગતિ થાય. વાણી પર કાબૂ રાખવો.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ખાણી-પીણી વારસાગત અને શિક્ષણ-ટ્યુશનને લગતા કામમાં આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ક્રિએટીવ અને કાલ્પનિક વિચારોથી નવી તક મળે. શુભ સમાચાર મળે.

### કોઈ પણ સાલમાં 21 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક રહેશે. નોકરી-ધંધા-વેપાર-વ્યવસાયમાં ટેક્નોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં માન મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ પાર પડશે. મિત્રો વડીલોની મદદ સામાજિક, કાયદાકીય અને આવક વધારવાની યોજનામાં મળે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર અને ગુરુવાર શુક્રવાર તા. 3,12,21 અને 30 નવા કામ માટે શુભ રહેશે. સોનેરી રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20,29 તારીખ નવા કામ માટે ટાળવી. લાલ ભૂરો રંગ ઓછો વાપરવો.

# મોર્ગન સ્ટેનલીનો દાવો: રિલાયન્સનો શેર હજુય 28 ટકા ઉછળી શકે

મુંબઈ, તા. 20: વૈશ્વિક બ્રોકરેજ કંપની મોર્ગન સ્ટેનલીએ રિલાયન્સ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બ્રોકરેજ રિલાયન્સ ઈન્ડ. પર ઓવરવેઈટ રેટિંગ જાળવી રાખ્યું છે અને રૂ. 1803ની ટાર્ગેટ પ્રાઈસ આપી છે. રિલાયન્સ 28 ટકાનો સંભવિત વધારો દર્શાવે છે.

બ્રોકરેજ કહેવું છે કે, આગામી 7 વર્ષમાં એઆઇ, ડિજિટલ ઈન્ફ્રા અને સંબંધિત ઉર્જા પુરવઠામાં રિલાયન્સનું 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કંપનીની મુડી ફાળવણી વ્યૂહરચનામાં આગામી મોટો ફેરફાર છે. આ રોકાણને અગાઉના ટેલિકોમ અને કન્ઝયુમર બિઝનેસના વિસ્તરણ જેટલું મોટું માનવામાં આવે છે.

તાજેતરની ઈન્ડિયા એઆઇ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જૂથની એઆઇ ઈન્વેસ્ટમેન્ટ પ્લાનની રૂપરેખા આપી હતી. આ અંતર્ગત મલ્ટી ગીગાવોટ એઆઇ તૈયાર ડેટા સેન્ટર્સ બનાવવામાં આવશે. આને 10 ગીગાવોટ સુધી નવીનીકરણીય ઊર્જા, ઊર્જા સંગ્રહ અને ચિપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ટેકો આપવામાં આવશે. યોજના મુજબ 120 મેગાવોટની પ્રારંભિક ક્ષમતા 2026ના બીજા ભાગમાં શરૂ થવાની અપેક્ષા છે. આ પછી તબક્કાવાર રીતે વિસ્તરણ કરવામાં આવશે.


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda** — સેન્ટર પોઈન્ટ શાખા : શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ કેમ્પસ, જીઆઈડીસી અંકલેશ્વર–૩૯૩૦૦૨ Email : cenpoi@bankofbaroda.com

પરિશિષ્ટ – I – મુક્તિ સૂચના
સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ સૂચના

પ્રતિ :
**૧) શ્રી પ્રદીપકુમાર રામપ્રબોધ ઠાકોર** : સી–૨૦૫, રજો માળ, રાધે રેસીડન્સી, નારાયણ સોસાયટી, શીવ મંદિર નજીક, રાગીણી સીનેમા પાછળ, અંકલેશ્વર, ભરૂચ– ૩૯૩૦૦૨.

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ નોટિસ.**

સંદર્ભ :-
૧. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ **૧૨.૦૪.૨૦૨૪** તારીખે જારી કરાયેલ માંગણા નોટિસ.
૨. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૪) હેઠળ **૨૬.૦૬.૨૦૨૪** તારીખે જારી કરાયેલ કબજા નોટિસ.

પ્રિય સાહેબ/મેડમ,
આથી **બેંક ઓફ બરોડા, સેન્ટર પોઈન્ટ શાખા** અંકલેશ્વર, ના અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ ક્રેડિટર બેંક તરીકે, SARFAESI એક્ટ 2002 (હવે "અધિનિયમ" તરીકે સંદર્ભિત) ની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 (ત્યારબાદ "નિયમો" તરીકે સંદર્ભિત) ના નિયમો 3 સાથે વાંચીને ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં તમને દેવાદાર (રો)/ગીરવેદાર (રો)/જામીનદાર (રો) તરીકે ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નોટિસ મળ્યાના 60 દિવસની અંદર ચૂકવવાનું કહેવામાં આવ્યું છે.

અને જ્યારે તમે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છો, ત્યારે નિયમ 4 અને/અથવા નિયમોના નિયમ 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13(4) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે સહી કરનારે સુરક્ષિત સંપત્તિઓનો કબજો (હવે ઉપરોક્ત મિલકતો તરીકે ઓળખવામાં આવે છે) સંભાળી લીધો છે, જેનું વર્ણન નીચે આપેલા શેડ્યૂલમાં વધુ વિગતવાર કરવામાં આવ્યું છે. કબજા નોટિસની નકલ અહિ સંદર્ભ માટે અહીં જોડાયેલ છે
સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી પણ, તમે ઉપરોક્ત કબજા સૂચનામાં ઉલ્લેખિત બેંકને બાકી રકમ ચૂકવી નથી. સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં SARFAESI એક્ટ, 2002 ની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ તમારું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.
તેથી આપ સૌને વિનંતી છે કે આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર કબજા નોટિસમાં દર્શાવેલ બાકી રકમ, લાગુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ ચૂકવી દો અને નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો. જો તમે ઉપરોક્ત બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાઓ અને આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો, તો બેંક ઈ-હરાજી વેચાણ નોટિસ પ્રકાશિત કરીને જાહેર ઈ-હરાજી દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવા માટે મજબૂર રહેશે. ઈ-હરાજી તારીખ, સમય અને મિલકતની અનામત કિંમત તમને અલગથી જાણ કરવામાં આવશે.

સુરક્ષીત કરેલ એસેટસ/ મિલકતો

| અ. નં. | સ્થાયી/ અસ્થાયી મિલકતનું વર્ણન | કબજાની તારીખ | કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ | કબજા નોટીસ પ્રસિદ્ધ કર્યાની તારીખ (ફક્ત સ્થાયી મિલકત માટે) |
|---|---|---|---|---|
| ૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રાધે રેસીડન્સી, ના રજો માળ, ફલેટ નં. સી ૨૦૫, બિલ્ટઅપ એરીયા નુ માપ ૬૫.૩૧ ચો. મીટર, રે. સ. નં. ૩૦૮/૨ પૈકી, પ્લોટ નં. ૯૯ અને ૧૦૦, માપ ૧૪૦૭ ચો.મી વણવહેચાયેલ હિસ્સા જમીન ૫.૦૦ ચો.મી, ભાડકોદરા, તા. અંકલેશ્વર, જી.ભરૂચ ખાતે શ્રી પ્રદીપકુમાર રામપ્રબોધ ઠાકુર ના નામે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો ફલેટ નં.સી ૨૦૪, **પશ્ચિમ તરફ** : જોડેની ખુલ્લી જગ્યાનુ માર્જીન , **ઉત્તર તરફ** : જોડેનો ફલેટ નં.સી ૨૦૨, **દક્ષિણ તરફ** : જોડેનો આંતરીક રોડ આવેલ છે. | ૨૬.૦૬.૨૦૨૪ | પ્રત્યક્ષ | ૨૮.૦૬.૨૦૨૪ |

તા : ૨૭.૧૧.૨૦૨૫, સ્થળ : અંકલેશ્વર — અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા, સેન્ટર પોઈન્ટ શાખા.



**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૦૩ વર્ષ ૨૦૨૫-૨૬**

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના PMKSY - WDC 2.0 Kanchanghat Project પ્રોજેક્ટની જળસ્ત્રાવ સમિતિઓના પૂરક ડી.પી.આર. ના કામો છે આ ટેન્ડરો તા.૨૧/૦૨/૨૦૨૬ થી તા.૯/૦૩/૨૦૨૬ સુધી જોવા મળશે, જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી "ઈ-ટેન્ડરીંગ" પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે જે ટેન્ડરો www.tender.nprocure.com વેબસાઈટ પર જોઈ શકાશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન ડાઉનલોડીંગ અને સબમીશનની છેલ્લી તારીખ અને સમય | : | તારીખ : ૦૯/૦૩/૨૦૨૬ સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ ટેન્ડર ફી/ ઈએમડી/ડીડી વગેરે રજી. પોસ્ટ એડી. થી રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય | : | તારીખ : ૧૨/૦૩/૨૦૨૬ સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ સમય | : | સમય : ૧૦.૩૦ કલાકે |
| કોર્મશીયલ પ્રાઈઝ બીડ સમય | : | સમય : ૧૨.૩૦ કલાકે |
| ચકાસવાની અને ખોલવાની તારીખ | : | તારીખ : ૧૩/૦૩/૨૦૨૬ |
| રજી.પોસ્ટ એડી.થી ડોક્યુમેન્ટ મોકલવાનું સરનામું. | : | નોડલ ઓફીસર WDC 2.0 C/o પ્રાયોજના નિયામકશ્રી, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, આહવા-ડાંગ, ના.કા.ઈ.(માગ્મ) પેટા વિભાગ-૧ ની કચેરી બાજુમાં, શ્રધ્ધા હોસ્પીટલ નજીક, આહવા તા.આહવા જિ.ડાંગ.૩૯૪૭૧૦ |

ક્રમાંક: માહિતી/ડાંગ/૨૫૬/૨૦૨૬ — પ્રાયોજના નિયામક, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, ડાંગ-આહવા.



**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના વાર્ષિક ભાવો (૨૦૨૬-૨૭)ના ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૨૩-૦૨-૨૦૨૬ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૧-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કુરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૩-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૧૬-૦૩-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકા ને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| અ.નં. | કામનું નામ | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|
| ૧ | વલસાડ નગરપાલિકા હદમાં બાંધકામ મટીરીયલ્સ સપ્લાય તેમજ સ્પ્રેડ અને રોલીંગ કરવાનું કામ | રૂા.૧,૭૭૦/-, અને રૂા. ૫૦,૦૦૦/- |
| ૨ | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે પ્રકારના કામો માટે જે.સી.બી., ટ્રેક્ટર (ટ્રેઇલર સહિત), હિતાચી, કેઇન, પોર્કલેન્ડ મશીન, વિગેરે ભાડેથી સપ્લાય કરવાનું કામ. | રૂા.૧,૭૭૦/-, અને રૂા. ૫૦,૦૦૦/- |
| ૩ | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં માલ-સામાન મજુરી સહિત બાંધકામ તથા વિવિધ પ્રકારના અન્ય કામો કરવાનું કામ. | રૂા.૧,૭૭૦/-, અને રૂા. ૫૦,૦૦૦/- |
| ૪ | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્રિ-કાસ્ટ આર.સી.સી સ્લેબ કવરની સપ્લાય કરવા ના કામ બાબત | રૂા.૧,૭૭૦/-, અને રૂા. ૫૦,૦૦૦/- |

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — નં.માહિતી/વલસાડ/૯૦૬/૨૦૨૬ — પ્રમુખ, વલસાડ નગરપાલિકા



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda** — અઠવાલાઈન્સ શાખા : જવાહરલાલ નહેરુ માર્ગ, અઠવાગેટ પાસે, સુરત ફોન : ૦૨૬૧–૨૬૬૦૧૩૮, ૨૬૬૭૩૫૧, ૨૬૬૯૫૬૫, ૨૫૫૫૨૦૭, E-Mail Id : athwal@bankofbaroda.co.in

**સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ**

પ્રતિ, **મેસર્સ વિરાજ ટેક્ષટાઈલ્સ**
પ્લોટ નં. ૧૭૫–૧૭૬, ભોયતળીયુ દર્શન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જોલવા, સુરત – ૩૯૪૩૦૫.
**૨. શ્રીમતી પ્રીયંકા જય ગુજરાતી**
પ્લોટ નં. ૯૭, જીવનધારા સોસાયટી, નાના વરાછા, સુરત– ૩૯૫૦૦૬.

**મહેરબાનશ્રી,**
**વિષય : અમારી અઠવાલાઈન્સ શાખા, માંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ.**

૧. અમારા **તા.૩૧.૦૮.૨૦૨૦** ના રોજના પત્ર ક્રમાંક **Retail-BOB/PPS/ADV/2020-21** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર(હાલનો) | ૦૪.૦૧.૨૦૨૬ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| કેશ ક્રેડિટ ખાતા નં. ૦૨૫૮૦૫૦૦૦૦૦૧૫૮ | રૂા. ૩૦.૦૦ લાખ | વાર્ષિક ૧૨.૪૦% + ૨% (પેનલ વ્યાજ) | રૂા.૧૬,૯૮,૫૯૮.૮૪ મુળ રકમ રૂા. ૩૦,૧૮૬.૯૮ લાગુ નહીં કરેલ વ્યાજ + રૂા.૫૮,૧૭૧.૪૦ અનસવર્ડ વ્યાજ + રૂા.૧૨૦૭.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા. ૧૭,૮૮,૧૬૪.૨૨ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં. ૯૭, જીવનધારા સોસાયટી, નાના વરાછા, સુરત. રજીસ્ટ્રર્ડ કચેરી સુરત ખાતે ટાઈટલ ડિડ ઈન્સ્ટ્રુમેન્ટ ડિપોઝીટ રજીસ્ટર નંબર. ૬૬૦૩ તા.૨૬.૦૬.૨૦૧૫ થી સબ રજીસ્ટ્રાર કચેરી સુરત–૩, નવાગામ, જી.સુરત, નોંધણી કરેલ છે. CERSAI ID: 400068432710 |
| કુલ | રૂા. ૩૦.૦૦ લાખ | | રૂા. ૧૭,૮૮,૧૬૪.૨૨ +વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'જીવનધારા સોસાયટી' નો પ્લોટ નં. ૯૬ અને ૯૭, માપ ૧૩૦.૨૯ ચો.મી, જમીન રે. સ. નં. ૭૬/૧, બ્લોક નં. ૧૩૦, ટી.પી.સ્કીમ નં. ૨૦, એફ.પી.નં.૧૭, ગામ. નાનાવરાછા, જી. સુરત, સબ ડિસ્ટ્રીકટ. ચોર્યાસી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા: **પુર્વે:** પ્લોટ નં. ૯૫, **પશ્ચિમે:** માર્જીન અને પ્લોટ નં. ૯૮, **ઉત્તરે:** જાહેર રોડ, **દક્ષિણે:** સોસાયટી ની દિવાલ.

૨) **તા. ૩૧.૦૮.૨૦૨૦ ના રોજ** બેંક પ્રત્યેની તમારી જવાબદારી **રૂા. ૩૦,૦૦,૦૦૦/–** ની અને બેંક ગાઈડલાઈન મુજબ અન્ય બેંક ચાર્જીસ સ્વીકાર છે. ૩) તમે જાણો છો કે **માર્ચ – ૨૦૨૬** તમે ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૦૬.૧૦.૨૦૨૫** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે. ૪) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૫.૦૧.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૫)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૭,૮૮,૧૬૪.૨૨/– (અંકે રૂા. સત્તર લાખ અઠયાશી હજાર એકસો ચોસઠ અને બાવીસ પૈસા પુરા) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૮) **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટિન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૬.૦૧.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, અઠવાલાઈન્સ શાખા.